
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ઘરવાળીને લાઈવ લોકેશન પછી પણ ખેતર ન મળતું હોય તો... ઓનલાઈન ફુડ ડીલેવરીવાળાને ઓર્ડર કરી દો...!!

# ચિલોડાથી દેશી તમંચા સાથે પકડાયેલા આરોપીઓ આંગડીયા પેઢીને લુંટવાના હતા

ગાંધીનગર, તા.૧૯

ચંદ્રાલા નાકા પોઈન્ટ પર ચિલોડા પોલીસે વાહન ચેકીંગ દરમિયાન ઉદયપુર-અમદાવાદ-ગોંડલ બસમાંથી શખ્સોના થેલામાંથી ત્રણ દેશી તમંચા, ૧૫ જીવતા કારતુસ, ૨ મોબાઈલ ફોન તેમજ રૂ.૪ હજાર રોકડા મળી કુલ રૂ.૨૮ હજારના મુદ્દામાલ સાથે ચાર શખ્સોની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી હતી. હથીયારોની હેરાફેરી પ્રકરણમાં આરોપીઓની પુછપરછમાં પોલીસને ચોંકાવનારી વિગતો સામે આવી છે. જેમાં ગુજરાતમાં મદ્રેસામાં બાળકોને ભણાવવા માટે એકઠા કરેલા રૂપીયામાંથી હથીયારની ખરીદી કરી હોવાનું સામે આવ્યું છે. જયારે હથીયારનો ઉપયોગ અમદાવાદની આંગડીયા પેઢીને લુંટવા માટે પ્લાનીંગ કર્યું હતું.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા-હિંમનગર હાઈ વે પર ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગ દરમિયાન



બસમાંથી પોલીસને પેસેન્જરના થેલામાંથી ત્રણ દેશી તમંચા અને જીવતા કારતુસ મળી આવ્યા હતા. જેથી પોલીસે આસિફ અખતર અબ્દુલ મજીદ ફરીક (અલબી) (રહે. ૩૭૬, હાજીપુર ભટૌલ, મુડાખેરા બુલંદ શહેર ઉતરપ્રદેશ), અને નવાબ મોહમદ સઈદ અબ્દુલ કરીમ ધોબી (રહે.ખવેસઝ્ઝાન, ખુર્જા નગર જી બુલંદશહેર યુપી)ને પકડી પાડી વધુ તપાસ હાથ ધરતા અન્ય સંડોવાયેલ આરોપીઓ પકડી પાડવા માટે ગાંધીનગર રેન્જ આઈજીપી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ એલસીબી પોલીસને પણ તપાસ કરવા સુચના આપી હતી. જેને પગલે વધુ તપાસ બાદ પોલીસે બાબુ કાસમભાઈ શેખ (રહે. અબ્દુલ પાર્ક ફતેહવાડી અમદાવાદ) અને મકસુદ ઉર્ફે ચીની બસીદખાન ભેજો(બુરગામ તબેલાચોક તા.સાણંદ જી.અમદાવાદ)ને પકડી પાડી તમામ આરોપીઓના ૭ દિવસના રીમાન્ડ મેળવી વધુ તપાસ શરુ કરી છે.

ત્યારે આરોપીઓની પુછપરછમાં પોલીસને ચોંકાવનારી વિગતો સામે આવી છે. જેમાં આરોપી આસિફ અને નવાબ સાથે અન્ય વોન્ટેડ આરોપી છોટેખાન સાથે મળી હથીયાર બુલંદશહેરના એક મૌલાના નસરુદમુલ્લા સલીમ પાસેથી મેળવ્યા હોવાની હકીકત સામે આવી છે. જયારે આસીફ અને મૌલાના ત્રણ માસ અગાઉ ગુજરાત આવ્યા હતા. ત્યારબાદ વિવિધ જગ્યાએ જઈને મદ્રેસામાં બાળકોને શિક્ષણ માટે ફંડ(પૈસા) એકઠુ કર્યું હતું. ત્યારે આ ફંડમાંથી હથીયારોની ખરીદી કરી હોવાનું સામે આવ્યું છે. જયારે આરોપીઓની પુછતાછમાં અમદાવાદની એક આંગડીયા પેઢીને લુંટવાનો પ્લાન ઘડ્યો હતો. જયારે પોલીસે પકડેલા ચારેય આરોપીઓ ગુનાહીત ઈતિહાસ ધરાવે છે. જયારે વોન્ટેડ આરોપીઓને પકડવા માટે પોલીસે વિવિધ ટીમો બનાવી કામગીરી તેજ કરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મનપાની આજે મળેલી સામાન્ય સભામાં બે મહિલા સભ્યો મોડી પડી હતી.
- મનપાની સામાન્ય સભામાં બેઠક વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવ્યો છે અને વિપક્ષના સભ્યોને છેલ્લેથી આગળથી રો ફાળવવામાં આવી છે.
- ગાંધીનગર શહેરમાં ગરમીનું પ્રમાણ ધીમી ગતિએ વધી રહ્યુ હોવાથી ક્યાંક ક્યાંક પંખા ઓન થયેલા જોવા મળ્યા હતા.
- ગાંધીનગર જિલ્લા ફરિયાદ-નિવારણ તેમજ સંકલન સમિતિની બેઠકમાં માણસા-દહે ગામમાં તલાટીઓની જગ્યાઓ ભરવામાં ન આવતી હોવાની ફરિયાદ કોંગી સભ્ય બળદેવજી ઠાકોરે રજુ કર્યો હતો.
- ગાંધીનગર મનપાની સામાન્ય સભાની અંતે યોજાયેલ ભોજન સમારોહમાં ઘણા કાઉન્સીલરો જમ્યા વિના જ રવાના થઈ ગયા હતા.
- સામાન્ય સભા પૂરી થયા બાદ કોંગી કાર્યકરોએ સૂત્રોચ્ચાર કર્યો હતો.
- ગરીબ કલ્યાણ મેળાના આયોજનની તૈયારીઓને ઝડપથી પૂરી કરવા જિલ્લા કલેક્ટરે સૂચના આપી છે.
- રાજ્યના મુખ્યમંત્રી દ્વારા સોમવારે સરપંચો સાથે "વાત ગામડાની" લઈ યોજાયેલ સંવાદ કાર્યક્રમ સ્થગિત કરવામાં આવ્યો છે.
- ગાંધીનગર શહેરમાં જાહેરમાં કચરો સળગાવવાની ઘટનાઓ શરૂ થઈ ગઈ છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

## વાવોલમાંથી ઈકોનું સાયલેન્સર ચોરાયું

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ગામે સ્થિત એમ.બી.પટેલ પાર્ટી પ્લોટની સામે પાર્ક કરેલી ઈકો ગાડીના સાયલેન્સરની ચોરી થવા પામી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૬ ૨૫૧-૧ ખાતે રહેતા જયંતિભાઈ ધનજીભાઈ પટેલ જીઆઈડીસી ખાતે ફેબીકેશનનો વ્યવસાય કરે છે અને પરિવાર સાથે રહે છે.જયારે વાવોલ એમ.બી.પટેલ પાર્ટી પ્લોટ ખાતે પરિવાર સાથે લગ્ન સમારોહમાં હાજરી આપવા માટે ગયા હતા. તે સમયે પાર્ટી પ્લોટની સામે માર્ગ પર ઈકો ગાડી નં. જી.જે.૧૮.બી.એલ.-૩૬૩૭ પાર્ક કરી હતી. પરિવાર જમીને ગણતરીના સમયમાં પરત ફર્યો હતો. તે સમયે ઈકો કાર ચાલુ કરતા અવાજ બદલાયેલ લાગ્યો હતો. જેથી ઈકોમાં તપાસ કરતા ખબર પડી હતી કે ઈકો કારનું સાયલેન્સર કોઈ શખ્સ ચોરી કરી નાસી ગયો હતો. બનાવ અંગે જયંતિભાઈ પટેલે સેકટર-૭ પોલીસ મથકે રૂ.૩૫ હજારના સાયલેન્સરની ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે.



આપણે ગમે ત્યાં જવાના કે પ્રવેશવાના માર્ગોનો શોર્ટકટ શોધી જ લેતા હોઈએ છીએ. શોર્ટકટ નુકશાનકારક ન હોય તો કોઈ વાંધો ન હોઈ શકે. સેક્ટર-૧૧ સ્થિત મહાનગરપાલિકા અને સેવા સંકુલની કચેરીઓ એકદમ નજીક નજીક આવેલી છે. આ બંને કચેરીઓમાં આવવા જવા માટે મુખ્ય દરવાજાને બદલે જાળી તોડીને નાનકડો શોર્ટકટ બનાવ્યો છે. હવે તો આ શોર્ટકટ જ જાણે મુખ્ય રસ્તો હોય તેમ તેનો છુટથી ઉપયોગ થઈ રહ્યો છે.

# કોબા પાસે ઢોરપકડ પાર્ટી પર હુમલો

### ઢોરપકડ પાર્ટીના કર્મચારીઓ સાથે ઝપાઝપી કરી સરકારી વાહનોમાં તોડફોડ કરી આતંક મચાવ્યો : એસઆરપી જવાનને પગમાં લાકડી વાગી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર મહાનગર પાલિકાની ઢોર પકડ પાર્ટી માત્ર માર ખાવા માટે રચાઈ હોય તેમ લાગી રહ્યું છે. ઢોર પકડ પાર્ટી પર વારંવાર હુમલાઓ થતા રહે છે, તેમ છતા મનપા તંત્ર એકશન મોડમાં આવતું નથી. ત્યારે ફરીવાર અસામાજીક તત્વોએ કોબા પાસે ઢોર પકડ પાર્ટીના કર્મચારીઓ સાથે ઝપાઝપી કરી સરકારી વાહનોમાં તોડફોડ કરી આતંક મચાવ્યો હતો. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ગુનો નોંધાવી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં રખડતા ઢોરનો પ્રશ્ન તંત્ર અને નાગરીકો માટે માથાના દુઃખાવા સમાન બની ગયો છે. ત્યારે જિલ્લા કલેકટર દ્વારા જાહેરનામુ બહાર પાડીને જાહેરમાં ઘાસચારાના વેચાણ અને ખવડાવવા પર પ્રતિબંધ મુકાયો છે. ત્યારે ગતરોજ સાંજના સુમારે કોબા ખાતે રખડતા પશુઓને પાંજરે પુરવા માટે ગયેલી ટીમ પર અંદાજે ૬ જેટલા શખ્સોએ હુમલો કર્યો હતો. જેમાં એસઆરપી જવાનને પગના ભાગે લાકડી મારી હતી, તો બીજીતરફ પોલીસ જવાન સાથે ઝપાઝપી કરી શર્ટના બટન તોડી નાંખ્યા હતા. જયારે સરકારી વાહનોના બોનેટ પર ડંડા મારી કાચ તોડી નુકશાન પહોંચાડ્યું હતું. શહેરને ઢોર મુકત બનાવવા માટે તંત્ર દ્વારા કવાયત શરુ કરાઈ છે. જેને પગલે મનપાની ઢોરપકડ ટીમના પશુધન નિરીક્ષક પાર્થ પટેલ, સુપરવાઈઝર મીતુલ ચૌહાણ, તેમજ અન્ય ૧૧ કર્મચારીઓ તંત્રને મળેલી અરજીને પગલે કોબા નંદનવન બંગ્લોઝ ખાતે ઢોર પકડવા માટે ગયા હતા.આ ટીમ સાથે એસઆરપી ગ્રુપ-૯ના રણજીતસિંહ ઝાલા અને કોન્સ્ટેબલ જગદીશજી દશરથજી પણ પ્રોટેકશન માટે ગયા હતા. જયારે કોબા નંદનવન બંગ્લોઝ ખાતેથી ટીમે ત્રણ ગાયને પકડી હતી.જયારે સોસાયટીની બહારથી અન્ય ગાય તેમજ રખડતા ઢોર પકડવાની કામગીરી શરુ હતી. તે દરમિયાન કોબા ગામનો અનિકેત દેસાઈ, બળદેવ દેસાઈ, વિષ્ણુ દેસાઈ અને બીજા ત્રણ શખ્સો લાકડીઓ લઈને આવી ગયા હતા. તેઓએ ટીમના કર્મચારીઓ સાથે માથાકુટ કરીને ઝપાઝપી કરી હતી. પોલીસ અને એસઆપી જવાને આ શખ્સોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો.પરંતુ તે પહેલા શખ્સો લાકડીઓ લઈને તુટી પડ્યા હતા.

એસઆરપી જવાનને પગમાં લાકડી વાગી હતી. જયારે પોલીસ જવાનના શર્ટના બટન પણ ઝપાઝપી દરમિયાન તુટી ગયા હતા. તો બીજીતરફ શખ્સોએ ટાટા સુમો ગાડીના કાચ તોડી નાંખીને ટ્રેકટરના બોનેટ પર લાકડી મારી હતી. સ્થાનિક નાગરીકો દોડી આવતા શખ્સો નાસી ગયા હતા. જયારે જવાનને ઈજા પહોંચી હોવાથી સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયો હતો. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધાતા વધુ તપાસ હાથ ધરી છે.

# યુક્રેનથી પરત આવતા સાનિયાના માતા-પિતાનો જીવમાં જીવ આવ્યો

### ત્રણ દિવસથી મથી રહેલા પરિવારે સાનિયાને જોતા હાશકારો અનુભવ્યો

ગાંધીનગર, તા. ૧૯

યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધની સ્થિતિ વર્તાવાના ભયથી ગાંધીનગરમાં સેક્ટર-૭-એ માં રહેતી અને યુક્રેનમાં સ્મ્મ્જીનો અભ્યાસ કરતી સાનિયા પ્રદિપ સાગર ત્રણેક દિવસના પ્રયાસ બાદ અંતે ગાંધીનગર પહોંચતાં માતા-પિતાએ હાશકારો અનુભવ્યો હતો. પરિવારમાં તથા સગા સંબંધીઓમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો.



યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધની સ્થિતિ છે ત્યારે યુક્રેનમાં વસતા ભારતીય નાગરિકોમાં ભયનો માહોલ પ્રસરી રહ્યો છે. ગમે તે સમયે યુદ્ધ થઈ શકે તેવી સ્થિતિ સર્જાઈ છે ત્યારે આ વિકટ પરિસ્થિતિથી બચવા માટે તાત્કાલિક પોતાની દિકરીને ગાંધીનગર પરત બોલાવી દેવાઈ છે. માઉન્ટ કાર્મેલમાં અભ્યાસ પૂરો કર્યા બાદ સાનિયાએ યુક્રેનમાં MBBSમાં એડમિશન લીધુ છે. જે MBBS ના બીજા વર્ષનો અભ્યાસ છોડીને પરત ફરી ગઈ છે. ગાંધીનગરમાં સેક્ટર-૭-એ ખાતે રહેતી સાનિયા પ્રદિપ સાગર જે યુક્રેનમાં MBBSમાં અભ્યાસ માટે ગઈ હતી. MBBSના બીજા વર્ષનો અભ્યાસ ચાલી રહ્યો છે. જે અભ્યાસ મુકીને હાલમાં જ ગાંધીનગર પરત ફરી છે. તેણીએ યુક્રેનમાં ચેરનીવીન્સીમાં બુકોવિનીયન સ્ટેટ મેડીકલ યુનિવર્સિટીમાં એડમિશન લીધું હતું. આ યુનિવર્સિટીમાં ૨૦૦૦થી પણ વધુ ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. દોઢ વર્ષથી સાનિયા યુક્રેનમાં રહીતી હતી પરંતુ યુદ્ધના ભણકારા થવાના કારણે તેના પરિવારે સાનિયાને પરત આવવા માટેની પ્રક્રિયાઓ શરૂ કરી દીધી હતી. જેમાં એક બુક કરાવેલી ફલાઈટ કેન્સલ કરવી પડી હતી. એકાએક ફલાઈટની ટિકિટના ભાવમાં પણ વધારો થઈ ગયો હતો. સામાન્ય રીતે અમદાવાદથી યુક્રેનની ટીકિટનો ભાવ ૨૭ લાખ હોય છે. જેનો ભાવ વધી જતા ૪૮,૦૦૦ તથા તેનાથી પણ વધારે ટીકિટનો ભાવ થઈ ગયો છે. જેમાં ભારતીય વિદ્યાર્થીઓને પરત આવવા માટે ઘણી મુશ્કેલીઓ થઈ રહી છે.

સાનિયા જ્યાં અભ્યાસ કરે છે તે યુનિવર્સિટી કીવથી ૯૦૦ કિ.મી. દૂર છે તેથી તે વિસ્તારમાં કોઈ મુશ્કેલી વર્તાઈ રહી નહોતી પરંતુ આગામી દિવસોમાં પરિસ્થિતિ ગંભીર બની જાય તેવી ભીતિ વર્તાતા સાનિયાના પરિવારે તેણીને પરત બોલાવી લીધી છે. યુક્રેન-રશિયા વચ્ચે યુદ્ધની ભીતિ સૌથી વધારે યુક્રેનના કેપિટલ કીવમાં છે. જ્યારે સાનિયા ફલાઈટમાં પરત ફરી રહી હતી ત્યારે કીવમાં રાત્રી રોકાણ કરવું પડ્યુ હતુ. કીવમાં રાત્રી રોકાણ દરમિયાન સાનિયાએ ખૂબ ડર અનુભવ્યો હતો કારણ કે તે વિસ્તારમાં યુદ્ધ થવાની સખત પરિસ્થિતિ છે. પરંતુ માતા-પિતાની પ્રાર્થના અને દિકરીના નસીબ સારા કહેવાય કે તે વહેલી તકે કીવમાંથી પરત ફરી છે. હજી ઘણા બધા ભારતીય વિદ્યાર્થીઓ ત્યાં ફસાયા છે.

સાનિયાના જણાવ્યા મુજબ ૨૦૧૪ થી જ આ બધી ઘટનાઓ ચાલી રહી છે. જો રોમાનિયાના બોર્ડર તરફ આ પરિસ્થિતિ જોવા મળે તો રોમાનિયા એમ્બસી દ્વારા આ વિદ્યાર્થીઓને સૌથી પહેલા પરત મોકલી દે છે. MBBSના વિદ્યાર્થીઓ માટે ક્રોક એક્ઝામ ઓફલાઈન હોય છે જે હાલ પુરતી મોકૂફ રાખી છે. ઓનલાઈન માધ્યમથી જ આ એક્ઝામ આપી શકાશે તેવુ યુનિવર્સિટી દ્વારા નિર્ણય લેવાયો હતો જેમાં સાનિયાને કોઈ એક્ઝામ હાલમાં આપવાની હતી નહી તેથી જેમ બને તેમ પરત ફરવું વ્યાજબી માની લીધુ હતુ.




**ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ**
બ્લોક નં. ૧૧, બીજે માળ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
ફોન નં. ૦૭૯-૨૩૨૫૭૫૫૯, Email : mdgbcdc14@gmail.com

**ટેન્ડર કમ જાહેર હરાજી**

આ નિગમ હસ્તકની ટોયોટા ક્વોલીસ (ડીઝલ) મોડેલ - ૨૦૦૪ ગાડી નં. ૯.જ-૧૮-છ૭-૮૪૬૯ જે સ્થિતિમાં છે તે જ સ્થિતિમાં જાહેર હરાજીથી નિકાલ કરવાની હોઈ હરાજીમાં ભાગ લેનાર ઈસમોએ શરતોને આધિન આ નિગમમાં કચેરી કામકાજના સમય દરમિયાન તા. ૩-૩-૨૦૨૨ સુધીમાં ટેન્ડર મેળવી લેવના રહેશે તથા ટેન્ડર ભરીને આ નિગમમાં રજી. પોસ્ટ એ.ડી.થી અથવા રૂબરૂમાં તા. ૩-૩-૨૦૨૨ના સાંજે ૬.૦૦ વાગ્યા સુધીમાં મળે તે રીતે આ કચેરીમાં મોકલી આપવાના રહેશે. હરાજી તા. ૪-૩-૨૦૨૨ના રોજ નિગમની કચેરીમાં બપોરે ૧૨.૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

હરાજી શરૂ થતાં પહેલા ડીપોઝીટ પેટે રૂ. ૧૫૦૦/- ડીમાન્ડ ડ્રાફ્ટથી રકમ ભરનાર જ હરાજીમાં ભાગ લઈ શકશે. હરાજીનો આખરી નિર્ણય નિગમ પાસે અબાધિત રહેશે.

સહી/-
(એચ. એમ. વાઘાણી)
મેનેજિંગ ડીરેક્ટર
ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ
ગાંધીનગર

માહિતી/૩૨૦૭/૨૧-૨૨

**ટચુકડી**
જાહેર ખબર
દર રવિવારે

ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
(ગુજરાત સરકારનું સાહસ)
**જાહેર નિવિદા નં. ૧૧ સને ૨૦૨૧-૨૨**

કાર્યપાલક ઈજનેર જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ, મોડાસા, શંકર નિવાસ, કચ્છ કડવા પાટીદાર પટેલ સમાજવાડી સામે, શામળાજી રોડ, મોડાસા, જિ. અરવલ્લી-પીન કોડ નં. ૩૮૩૩૧૫ મો. નં. ૯૯૭૮૪૦૬૬૮૩ની કચેરી દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર દસ્તાવેજમાં જણાવ્યા મુજબ નોંધાયેલ ઠેકેદારો પાસેથી અરવલ્લી જિલ્લાના જુદા જુદા તાલુકાના ગામોમાં ન્યુ ગુજરાત પેટન્ટ પ્રોગ્રામ અંતર્ગત ૧૬૫ મીમી વ્યાસના ડી.ટી.એચ. રીંગથી બોર કરવાના તથા સબમર્શિબલ પંપ સેટ / એચ. ડી. પી. આઈ / કેબલ તથા ઈન્સ્ટોલેશન કામગીરી માટે ભાવો માંગવામાં આવે છે. કામની અંદાજિત રકમ રૂ. ૧૧૪.૩૪ લાખ, ટેન્ડર ફી રૂ. ૩૬૦૦.૦૦ અને બાનાની રકમ રૂ. ૧,૧૪,૪૦૦.૦૦ છે. વિગતવાર ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોક્યુમેન્ટ્સ www.nprocure.com પર ઉપલબ્ધ છે. જેના ટેન્ડર આઈ.ડી. નં. ૫૦૭૧૨૭ છે. ટેન્ડર ઓનલાઈન અપલોડ કરવાની છેલ્લી તા. ૪-૩-૨૦૨૨ને ૧૮.૦૦ કલાક સુધી છે અને હાર્ડ કોપીમાં દસ્તાવેજ કચેરીમાં પોસ્ટ / રજી.પો.એડી./સ્પીડ પોસ્ટ/કુરીયર / રૂબરૂમાં પુરા પાડવાની છેલ્લી તા. ૫-૩-૨૦૨૨ને ૧૫.૦૦ કલાક સુધી છે. ઉપરોક્ત કામો માટેના ભાવપત્રકોમાં હવે પછીના કોઈ પણ સુધારા વધારા સંબંધિત વેબસાઈટ ઉપર પ્રદર્શિત કરવામાં આવશે. ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડના સક્ષમ કક્ષા દ્વારા ટેન્ડરો કોઈ પણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકારી રહેશે. ગ્રામ્ય કક્ષાથી પીવાના પાણીની ફરીયાદો માટે ટોલ, ફ્રી નં. ૧૯૧૬ છે.

નામાનિ/હિંમત/૫૮૮/૨૦૨૨